## હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રીની કચેરી
## આણંદ કૃષિ યુનિવર્સિટી,
## આણંદ

યુનિવર્સિટીની જમીન / માલ–મિલ્કત / વપરાશી ચીજવસ્તુઓ / રોકાણોની વર્ષાન્તિત માહિતી તૈયાર કરવા બાબત..

## –:પરિપત્ર:–

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ / યુનિટ ઓફિસરશ્રી તથા સબ યુનિટ ઓફિસરશ્રીઓને જણાવવામાં આવે છે કે યુનિવર્સિટી કક્ષાએ મા.કુલપતિશ્રી ધ્વારા લેવાયેલ નિર્ણય મુજબ યુનિવર્સિટીની તમામ માલ–મિલ્કત / વપરાશી ચીજવસ્તુઓ / રોકાણોની વર્ષાન્તિત માહિતી એકત્ર કરવાની કામગીરી મે.સંદિપ દેસાઈ એન્ડ કુ., ચાર્ટડ એકાઉન્ટન્ટ, અમદાવાદને સોંપવામાં આવેલ છે તથા તેમના ધ્વારા તમામ માહિતીની ચકાસણી કરી, એકત્રિત કરી આપવામાં આવનાર છે.

આ સંદર્ભે તેમના ધ્વારા તૈયાર કરવામાં આવેલ નમૂનાના પત્રકો નં.(૧) થી (૧૪) તથા તેમાં માહિતી ભરવા અંગેની સૂચનાઓ સામેલ રાખી યુનિવર્સિટીની વેબસાઈટ http://aau.in પર Circular section પર મૂકવામાં આવેલ છે. "જે દરેક કચેરી / વિભાગો ધ્વારા ડાઉનલોડ કરી, તેમાં વિગતો ભરી, સાધનિક પુરાવા scan કરી attachment તરીકે રાખી PDF ફાઈલમાં યુનિટ કક્ષાએ એકત્રિત કર્યા બાદ જ યુનિવર્સિટી ધ્વારા નકકી કરેલ iai@aau.in પર દિન–૧૫માં E-mail થી મોકલી આપવાની રહે છે."

સદર માહિતી તા.૩૧/૦૩/૨૦૧૧ ની પરિસ્થિતિએ સાધનિક રેકર્ડ / રજીસ્ટર્સના આધારે હાથ ઉપરની સિલક તરીકે ગણત્રીમાં રાખી જે તે પ્રોફોર્મામાં ભરવાની રહેશે તથા માહિતી અધિકૃત કર્યાના પ્રમાણપત્ર સહી કરી ઉપર જણાવેલE-mail ID પર સ્કેન કરી મોકલવાની રહેશે.

આ કામગીરીની ચકાસણી કર્યા બાદ, વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન ખરીદેલ / ઉભી કરેલ મિલ્કતો માટે મે.સંદિપ દેસાઈ એન્ડ કુ., અમદાવાદ ધ્વારા દરેક કચેરીની રૂબરૂ મુલાકાત લઈ તા.૩૧/૦૩/૨૦૧૨ અંતિત તમામ માહિતી તૈયાર કરવામાં આવશે. તેથી આ કામગીરીને ટોચ અગ્રીમતા આપી, સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા આથી તમામને મા.કુલપતિશ્રીઓની આજ્ઞાનુસાર સૂચના આપવામાં આવે છે.

નં.આકૃયુ/કોમ્પ્ટ/પીએ./673 /૧૨
તા.૨૧/૦૪/૨૦૧૨

હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક

**નકલ સવિનય રવાના :–**

૧. આ યુનિવર્સિટીઓના અધિકારીશ્રીઓ તરફ.
૨. આ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રી (પેટા કેન્દ્ર સહિત) તરફ.
૩. આચાર્ય અને ડીનશ્રી (તમામ), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ.
૪. મા.કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રી, આકૃયુ, આણંદ તરફ જાણ સારૂ.

**નકલ રવાના:–**

૧. આ વિભાગની તમામ શાખાઓ તરફ.
૨. સીલેકટ ફાઈલ.